રજિસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ–ભાવનગર સબ રજિસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ–ભાવનગર–૧

શહેર ભાવનગરમાં સર તખ્તસિંહ હોસ્પિટલ સામે, જેઈલ રોડ ઉપર આવેલ અને સીટી સર્વે વોર્ડ નં.૭, શીટ નં.૧૮૭, એકત્રિત સર્વે નં.૧૬૭૨ થી નોંધાયેલ અઘાટ જમીનના ભાવનગર મહાનગરપાલિકા તરફથી મંજુર કરી આપવામાં આવેલ ભાગ પ્લાન મુજબની **સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી** ની કુલ ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. જમીન ઉપર બંધાયેલ **આયુષ પ્લાઝા** નામની ઈમારતના .... માળે આવેલ ઓફીસ / દુકાન નં......... ક્ષેત્રફળ .... ચો.મી. કારપેટ એરીયાના કોમર્શીયલ બાંધકામની મિલ્કતનો વેચાણ દસ્તાવેજ.

વેચાણ કિંમત રૂા. –૦૦ **સ્ટેમ્પ ડયુટી રૂા. –૦૦**

પ્રથમપક્ષે લખાવી લેનાર ખરીદનાર ...., ઉ.વ.આ......, ધંધો–........., ઠે.. જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં પ્રથમપક્ષના ખરીદનાર તરીકે સંબોધવામાં આવેલ છે અને તે શબ્દમાં પુર્વાપરના સબંધ સાથે અસંગત ન હોય તેવા તમામ સ્થળે પ્રથમપક્ષના ખરીદનાર તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઈની, સકસેસર, એડમીનીસ્ટ્રેટર વગેરેનો સમાવેશ થશે.

જોગ બીજાપક્ષે લખી આપનાર વેચનાર **મે.આયુષ ઈન્ફ્રાકોન**`.બદ દઃઈબખયાબ ટણજ્ઞણ ુ નામની ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદાર **(૧) ગૌરવ અશોકભાઈ શેઠ**, ઉ.વ.આ.૩૮, ધંધો–વેપાર ઠે.પ્લોટ નં.૧૦૦૮–સી, ડાયમંડ ચોક, ભાવનગર, તથા **(૨) પદમશીભાઈ દેવજીભાઈ વિઠ્ઠાણી**, ઉ.વ.આ.૬૦, ધંધો–હિન્દુ ઠે.પ્લોટ નં.૩૮, શેરી નં.૪, સરીતા સોસાયટી, ભાવનગરના જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી તરીકે સંબોધવામાં આવશે અને તે શબ્દમાં પુર્વાપરના સંબંધ સાથે અસંગત ન હોય તેવા તમામ સ્થળે બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતોવખત જે કોઈ ભાગીદારો હોય કે થાય તે તમામ તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઈની, સકસેસર, એડમીનીસ્ટ્રેટર વગેરેનો સમાવેશ થશે.

જત શહેર ભાવનગરમાં સર તખ્તસિંહ હોસ્પિટલ સામે, જેઈલ રોડ ઉપર આવેલ અને સીટી સર્વે વોર્ડ નં.૭, શીટ નં.૧૮૭, એકત્રિત સર્વે નં.૧૬૭૨ થી નોંધાયેલ અઘાટ જમીનના ભાવનગર મહાનગરપાલિકા તરફથી મંજુર કરી આપવામાં આવેલ ભાગ પ્લાન મુજબની **સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી** ની કુલ ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. જમીન ઉપર બંધાયેલ **આયુષ પ્લાઝા** નામની ઈમારતના .... માળે આવેલ ઓફીસ / દુકાન નં......... ક્ષેત્રફળ .... ચો.મી. કારપેટ એરીયાના કોમર્શીયલ બાંધકામવાળી આખી મિલ્કત અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી તાબા કબજા ભોગવટાની આવેલ છે અને સરકારી દફતરે અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના નામ ઉપર નોંધાયેલ છે.

મૂળ શહેર ભાવનગરમાં સર તખ્તસિંહ હોસ્પિટલ સામે, જેઈલ રોડ ઉપર આવેલ જમીન જુના ભાવનગર રાજય તરફથી અબ્દુલ હફીઝ બાકજાને હુઝુર લેખ નં.૨૧૫ સવંત ૧૯૭૦ તા.૨૩–૬–૧૯૧૪ તથા હુઝુર લેખ નં.૨૫૫ સવંત ૧૯૭૧ તા.૧૯–૭–૧૯૧૫ થી વેચાણ આપવામાં આવેલ અને તેઓએ સદરહુ જમીન ઉપર બાંધકામ કરેલ અને તેઓએ સદરહુ બાંધકામ સાથેની મિલકત શાહ જગ વનદાસ વરાજને વેચાણ દસ્તાવેજ નં.૩૩૨

તા.૨૩–૬–૧૯૪૧ ના રોજથી વેચાણ આપેલ અને શાહ જગવનદાસ વરાજ અવસાન પામતા સદરહુ મિલકત તેના વારસો કાંતિલાલ જગવનદાસ શાહ અને ચંપકલાલ જગવનદાસ શાહના સંયુકત માલિકીપણામાં આવેલ અને સીટી સર્વે ઈન્કવાયરી સમયે સદરહુ મિલકત તેઓના નામ ઉપર સીટી સર્વે વોર્ડ નં.૭, શીટ નં.૧૮૭, સર્વે નં.૧૬૭૨ થી ૧૬૮૩ નંબરે તેઓના સંયુકત નામ ઉપર નામ દાખલ થયેલ અને સીટી સર્વે સનંદો તેઓના નામથી આપવામાં આવેલ અને તેઓ સદરહુ મિલકત કાંતિલાલ જગવનદાસ અજમેરા જગવનદાસ વરાજ નામના હિન્દુ અવિભકત કુટુંબના કર્તા દરજજે ધરાવતા હતા અને તેઓના હિન્દુ અવિભકત કુટુંબમાં હંસાબેન કાંતિલાલ અજમેરા, ચંપકલાલ જગવનદાસ અજમેરા તથા મનોરમા ચંપકલાલ અજમેરા કો–પાર્સનર્સ હતા અને જગવનદાસ વરાજના નામથી ચાલતા હિન્દુ અવિભકત કુટુંબના કર્તા તથા મેનેજર દરજજે કાંતિલાલ જગવનદાસ અજમેરાએ સદરહુ મિલકત વેચાણ આપવા સારૂ તા.૧૬–૬–૧૯૮૧ ના રોજથી અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી સાથે વેચાણ કરાર કરેલ અને ત્યારબાદ જગવનદાસ વરાજના નામથી ચાલતા હિન્દુ અવિભકત કુટુંબના કર્તા તથા મેનેજર દરજજે કાંતિલાલ જગવનદાસ અજમેરા, હંસાબેન કાંતિલાલ અજમેરા, ચંપકલાલ જગવનદાસ અજમેરા તથા મનોરમા ચંપકલાલ અજમેરાના કુલમુખત્યાર દરજજે પ્રતાપરાય દુર્લભદાસ શેઠ તથા રમણિકલાલ મોહનલાલ દેસાઈ તરફથી સદરહુ મિલકતનો ધારાસર વેચાણ દસ્તાવેજ નં.૨૬૫ તા.૨૯–૧–૧૯૮૮, નોંધણી નં.૧૧૭૧ તા.૧૭–૪–૧૯૮૯ ના રોજથી મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપવામાં આવેલ અને મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીના નામ બાબતે તા.૧૬–૬–૧૯૮૧ ના રોજથી સુધારા કરાર કરવામાં આવેલ અને સદરહુ મિલકત સીટી સર્વે કચેરીના દફતરે મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીના નામ ઉપર દાખલ થયેલ અને સદરહુ મિલકતમાંહે ભાડુતો કબજો ધરાવતા હતા અને તેઓ ભાડુતો પાસેથી તેઓનો ભાગ મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢી ધ્વારા ખાલી મેળવવામાં આવેલ છે.

મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢી પ્રતાપરાય ડી. શાહ એચ.યુ.એફ., રમણિકલાલ એમ. દેસાઈ એચ.યુ.એફ., પિયુષ પ્રતાપરાય શેઠ, બિપીન એમ. દેસાઈ એચ.યુ.એફ., અનોપચંદ માનચંદ શાહ એચ.યુ.એફ., પ્રવિણચંદ્ર . શાહ એચ.યુ.એફ., દલસુખરાય . શાહ એચ.યુ.એફ., હસમુખરાય . શાહ એચ.યુ.એફ., નરેન્દ્ર જયંતિલાલ શાહ એચ.યુ.એફ., જયંતિલાલ લાલચંદ શાહ, વિજયકુમાર એસ. સંઘવી એચ.યુ.એફ. તથા શાંતિલાલ મનસુખલાલ સંઘવીની વચ્ચે તા.૧૭–૮–૧૯૮૪ ના રોજથી અમલમાં આવેલ અને ત્યારબાદ પ્રતાપરાય ડી. શાહ એચ.યુ.એફ., રમણિકલાલ એમ. દેસાઈ એચ.યુ.એફ., પિયુષ પ્રતાપરાય શેઠ, બિપીન એમ. દેસાઈ એચ.યુ.એફ., દલસુખરાય . શાહ એચ.યુ.એફ., હસમુખરાય . શાહ એચ.યુ.એફ., નરેન્દ્ર જયંતિલાલ શાહ એચ.યુ.એફ., જયંતિલાલ લાલચંદ શાહ તથા શાંતિલાલ મનસુખલાલ સદરહુ ભાગીદારી પેઢીમાંથી ભાગીદાર તરીકે તા.૪–૫–૧૯૮૫ ના રોજથી છુટા થયેલા અને બાકીના ભાગીદારો વચ્ચે સદરહુ ભાગીદારી પેઢી ચાલુ રહેલ અને તે સબંધી તા.૪–૫–૧૯૮૫ ના રોજથી ભાગીદારીમાંથી છુટા થયા અંગેનો લેખ કરવામાં આવેલ અને બાકીના ભાગીદારો વચ્ચે તા.૫–૫–૧૯૮૫ ના રોજથી લેખ કરવામાં આવેલ અને ત્યારબાદ અનોપચંદ માનચંદ શાહ તા.૩–૩–૧૯૯૨ ના રોજ અવસાન પામતા બાકીના ભાગીદારોએ તેઓની વચ્ચેની સદરહુ ભાગીદારી તા.૪–૩–૧૯૯૨ ના રોજના લેખથી ચાલુ રાખેલ અને ત્યારબાદ તેઓ ભાગીદારોએ સદરહુ ભાગીદારી તેઓની

વ્યકિતગત હેસિયતથી ચાલુ રાખવાનું નકકી કરતા તે અંગે તા.૮–૧૦–૨૦૦૮ ના રોજથી લેખ કરેલ અને સદરહુ ભાગીદારી પેઢીના ભાગીદારોએ ભાગીદારી પેઢીની ઉપરોકત મિલકત સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, મીડીયમ એન્ટરપ્રાઈઝ સેલ, નવરંગપુરા શાખા, અમદાવાદ પાસે રજિસ્ટર્ડ ડિપોઝીટ ઓફ ટાઈટલ ડીડઝની રૂએ જિનવિક એકસપોર્ટસ પ્રાઈવેટ લીમીટેડ ના ધીરાણ સામે તારણમાં મુકેલ અને સદરહુ બેન્કમાં ઉપરોકત ધીરાણ મેળવનાર મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢી તરફથી ધીરાણની રકમ ભરપાઈ કરી આપવામાં આવતા સદરહુ બેન્ક તરફથી તા.૦૯–૦૮–૨૦૧૭ ના રોજથી નો–ડયુ સર્ટિફીકેટ આપવામાં આવેલ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, મીડીયમ એન્ટરપ્રાઈઝ સેલ, નવરંગપુરા શાખા, અમદાવાદ ધ્વારા મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીની તરફેણમાં રજીસ્ટર્ડ રી–કન્વેયન્સ ઓફ મોર્ગેજ ડીડ અનું. નં.૨૬૬૫ તા.૧૬–૮–૨૦૧૭ થી કરી આપવામાં આવેલ.

મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીની માલિકીની ઉપર મુજબની સીટી સર્વે નં.૧૬૭૨ થી ૧૬૮૩ ની મિલકતનો સત્તા પ્રકાર "એ–૫" ના બદલે સત્તા પ્રકાર "એ" કરી આપવા સારૂ મે.નાયબ કલેકટરશ્રી, ભાવનગર સમક્ષ અપિલ નં.૬૩/૨૦૧૬–૧૭ ની દાખલ કરતા તે કામે મે.નાયબ કલેકટરશ્રી, ભાવનગર તરફથી તેમના તા.૯–૫–૨૦૧૭ ના રોજના હુકમથી અપિલ અંશતઃ મંજુર રાખી કેસ નવેસરથી નિર્ણય કરવા સારૂ સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટશ્રી, ભાવનગરને રીમાન્ડ કરવામાં આવેલ અને સીટી સર્વ સુપ્રિટેન્ડેન્ટ અને એડિશનલ મામલતદાર કચેરી, ભાવનગર–૨ તરફથી તેમના તા.૧૫–૬–૨૦૧૭ ના રોજના હુકમથી કરી સદરહુ સીટી સર્વે નં.૧૬૭૨ થી ૧૬૮૩ ના એકત્રિકરણ સીટી સર્વે નં.૧૬૭૨ ક્ષેત્રફળ ૫૧૭૭.૮૭ ચો.મી. તથા સત્તા પ્રકાર "એ" કરતો હુકમ પસાર કરવામાં આવેલ છે અને મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીની સદરહુ સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬ ક્ષેત્રફળ ૫૧૬૦.૩૨ ચો.મી. ની મિલકતના ધારાસર ભાગ સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/એ ક્ષેત્રફળ ૨૦૧૦.૫૬ ચો.મી., સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/બી ક્ષેત્રફળ ૧૫૭૨.૧૧ ચો.મી. તથા સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. એ રીતેનો નકશો ભાવનગર મહાનગરપાલિકા તરફથી તા.૧–૪–૨૦૧૭ ના રોજની પરવાનગી નં.૧ થી મંજુર કરી આપવામાં આવેલ. ત્યારબાદ સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી ની મિલ્કત માટે મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીએ કોમર્શિયલ હેતુ અંગેનો બાંધકામ પ્લાન તા.૩૦–૬–૨૦૧૭ ના રોજ મંજુર કરાવેલ. ત્યારબાદ અમો વેચનાર ભાગીદારી પેઢી ધ્વારા સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬ ક્ષેત્રફળ ૫૧૬૦.૩૨ ચો.મી. માંહેની સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. ખુલ્લી જમીનની મિલકતનો ધારાસર અવેજની રકમ ચુકવી રજિ. વેચાણ દસ્તાવેજ અનું. નં.૩૪૨૫ તા.૧૮–૧૦–૨૦૧૭ ના રોજ ખરીદ કરી માલીક, મુખત્યાર ધણી બનેલ છીએ અને સદરહું મિલ્કત અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી સ્વતંત્ર અને સુવાંગ માલિક ધણી મુખત્યાર અને કબ્જેદાર બનેલા છીએ અને અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી તરફથી સદરહું સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી ની કુલ ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. જમીન ઉપર નીચે દુકાનો તથા ઉપર કોમર્શીયલ ઓફીસોનું બાંધકામ શરૂ કરેલ છે જે હાલ **આયુષ પ્લાઝા** નામની ઈમારત તરીકે ઓળખાય છે.

અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીની માલિકીની ઉપર જણાવેલ **આયુષ પ્લાઝા** નામની ઈમારતના .... માળે આવેલ **ઓફીસ / દુકાન નં.........** કારપેટ ક્ષેત્રફળ .... ચો.મી.ની મિલ્કત તમો પ્રથમપક્ષના ખરીદનાર ધારાસર વેચાણ કિંમત રૂા..................–૦૦ અંકે રૂપિયા .... પુરામાં ખરીદ કરવાની માંગણી કરતા અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી તરફથી તમો પ્રથમપક્ષના ખરીદનારની સદરહુ માંગણી મંજુર રાખતા આપણે પક્ષકારોની વચ્ચે અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીની માલિકીની સદરહુ **ઓફીસ / દુકાન નં.........** ની મિલકતનો આજરોજ તમો ખરીદનાર જોગ આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે અને અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીની માલિકીની સદરહુ **ઓફીસ / દુકાન નં.........** ની મિલકતને આ વેચાણ દસ્તાવેજમાં **વેચાણવાળી મિલકત** તરીકે સંબોધવામાં આવેલ છે અને તેનું પુરૂ માપ, વર્ણન અને ચર્તુઃદિશા આ વેચાણ દસ્તાવેજના અંત ભાગે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

(૧) આપણે પક્ષકારોની વચ્ચે વેચાણવાળી મિલકતની વેચાણ કિંમત રૂા.....................–૦૦ અંકે રૂપિયા .... પુરા નકકી કરવામાં આવેલ છે અને સદરહુ વેચાણ કિંમત રૂા..................–૦૦ અંકે રૂપિયા .... પુરા તમો પ્રથમપક્ષના ખરીદનાર તરફથી અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીને આ વેચાણ દસ્તાવેજના અંત ભાગે કરવામાં આવેલ વેચાણ અવેજની રકમ મળ્યા બદલની પહોંચની વિગતે ચુકતે ચુકવી આપવામાં આવેલ છે અને તે રીતે અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીને વેચાણ અવેજની ચુકતે રકમ મળી ગયેલ હોય અને અવેજની કોઈ રકમ બાકી રહેતી ન હોય અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી વતી વેચાણવાળી મિલકતનો આ વેચાણ દસ્તાવેજ તમો પ્રથમપક્ષના ખરીદનાર જોગ રજિસ્ટર્ડ કરી આપવામાં આવે છે.

(૨) વેચાણવાળી મિલકતનો પ્રત્યક્ષ, ખાલી, શાંત અને નિર્ભય કબજો અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી તરફથી તમો પ્રથમપક્ષના ખરીદનારને સોંપી આપવામાં આવેલ છે અને તમો પ્રથમપક્ષના ખરીદનારે વેચાણવાળી મિલકત સ્થળ ઉપર જોઈ–તપાસી પોતાના સુવાંગ માલિકી તાબા કબજામાં સંભાળી લીધેલ છે તેથી ભવિષ્યમાં તે બાબતે કોઈ વિવાદ ઉભો કરવા પ્રથમપક્ષના ખરીદનારને હકક રહેતો નથી.

(૩) વેચાણવાળી મિલકતના આ વેચાણ દસ્તાવેજથી તમો પ્રથમપક્ષના ખરીદનાર સ્વતંત્ર અને સુવાંગ માલિક ધણી મુખત્યાર અને કબજેદાર બનેલા હોઈ વેચાણવાળી મિલકતનો તમારી મર મુજબ, દિલ ચાહે તે રીતે રહેણાંકીય હેતુમાં ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરવા તેમજ હરકોઈ પ્રકારે વેચાણ, ગીરો, બક્ષિસ, તબદિલ કે અન્ય પ્રકારે વ્યવસ્થા કરવા હકકદાર બનો છો જેમાં અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના ભાગીદારો કે અમારા વંશ, વાલી, વારસો ઉતરાધિકારીઓ કોઈનો કોઈપણ પ્રકારનો હકક દાવો અને વાંધો કે તકરાર રહેતો નથી. વેચાણવાળી મિલકતના આ વેચાણ દસ્તાવેજથી અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના તમામ પ્રકારના હકકોનો અંત આવે છે અને વેચાણવાળી મિલકત તમો પ્રથમપક્ષના ખરીદનારના સંપુર્ણ માલિકી તાબા કબજા હવાલા અને ભોગવટામાં આવે છે અને અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીને વેચાણવાળી મિલકત સાથે હવે કશી નિસ્બત કે લેવા દેવા નથી.

(૪) વેચાણવાળી મિલકત અંગે અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના માલિકીહકકો સંપુર્ણપણે ચોખ્ખા અને સંશય રહીત છે. અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીને ઉપર નામ.કોર્ટથી કે સક્ષમ સતાધિકારી તરફથી કોઈ પ્રોહીબીટરી હુકમ નથી કે વેચાણવાળી મિલકત કોઈના એકવીઝેશન કે રેકવીઝેશનમાં નથી કે તેવી કોઈ કાર્યવાહી ચાલતી નથી આમ છતાં અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના માલિકીહકકોમાં ખામી જણાય તો તે અમારે ચોખ્ખું કરાવી આપવાનું રહેશે.

(૫) વેચાણવાળી મિલકત અંગે અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી સિવાય અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, બેંક, સરકારી કે અર્ધ સરકારી કચેરી કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, હિત, અધિકાર, લાગભાગ, દરદાવો, બોજો, ગીરો, ચાર્જ, લીયન નથી તેમજ વેચાણવાળી મિલકતમાંહે કોઈના ભરણપોષણનો હકક સમાયેલો નથી. વેચાણવાળી મિલકતના માલિકીહકકના આધાર પુરાવાઓથી વેચાણવાળી મિલકત કોઈપણ નાંણાકીય સંસ્થામાં તારણમાં મુકેલ નથી કે માલિકીહકકના આધાર પુરાવાઓથી સોલવન્સી સર્ટિફીકેટ મેળવેલ નથી કે વેચાણવાળી મિલકત ઉપર બોજો ઉભો કરેલ નથી.

(૬) વેચાણવાળી મિલકતના આ વેચાણ દસ્તાવેજથી તમો પ્રથમપક્ષના ખરીદનાર સુવાંગ માલિક બનતાં હોઈ વેચાણવાળી મિલકત સરકારી અને અર્ધ સરકારી કચેરીઓના દફતરે તમારા નામે અને ખાતે ટ્રાન્સફર કરાવવા હકકદાર બનો છો અને આવી ટ્રાન્સફર અંગેની તમામ અર ઓમાં અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના ભાગીદારોએ સહીઓ કરી આપવાની છે અને જરૂર પડયે રૂબરૂ હાજર થઈ સહી, સંમતિ, કબુલાત કરી આપવાની છે તેમજ ટ્રાન્સફરની કાર્યવાહીમાં સંપુર્ણ સાથ–સહકાર આપવાનો છો.

(૭) અમો બીજાપક્ષના વેચનારના માલિકીહકકના નીચે મુજબના આધાર પુરાવાઓ તમો પ્રથમપક્ષના ખરીદનારને સોંપેલ છે ::

: ૧ : જુના ભાવનગર રાજય તરફથી અબ્દુલ હફીઝ બાકજાને હુઝુર લેખ નં.૨૧૫ સવંત ૧૯૭૦ તા.૨૩–૬–૧૯૧૪ તથા હુઝુર લેખ નં.૨૫૫ સવંત ૧૯૭૧ તા.૧૯–૭–૧૯૧૫ થી વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

: ૨ : શાહ જગવનદાસ વરાજને રજિ. વેચાણ દસ્તાવેજ અનું. નં.૩૩૨ તા.૨૩–૬–૧૯૪૧ ના રોજની ઝેરોક્ષ નકલ.

: ૩ : કાંતિલાલ જગવનદાસ શાહ અને ચંપકલાલ જગવનદાસ શાહના સંયુકત માલિકીપણામાં આવેલ અને સીટી સર્વે ઈન્કવાયરી સમયે સદરહુ મિલકત તેઓના નામ ઉપર સીટી સર્વે વોર્ડ નં.૭, શીટ નં.૧૮૭, સર્વે નં.૧૬૭૨ થી ૧૬૮૩ નંબરે દાખલ થયેલ તે સીટી સર્વે સનંદો ની ઝેરોક્ષ નકલ.

: ૪ : વેચાણ દસ્તાવેજ અનું. નં.૨૬૫ તા.૨૯–૧–૧૯૮૮ નોંધણી નં.૧૧૭૧ તા.૧૭–૪–૧૯૮૯ ના રોજથી મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપવામાં આવેલ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

:૫: મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીના દસ્તાવેજની તથા તેમા થયેલ ફેરફાર દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ.

:૬: સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, મીડીયમ એન્ટરપ્રાઈઝ સેલ, નવરંગપુરા શાખા, અમદાવાદ ધ્વારા મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢી ધ્વારા કરવામા આવેલ રજિ. મોર્ગેજ ડીડ નં.૪૨૩૦ તા.૨૦–૮–૨૦૧૦ ની ઝેરોક્ષ નકલ.

:૭: સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, મીડીયમ એન્ટરપ્રાઈઝ સેલ, નવરંગપુરા શાખા, અમદાવાદ ધ્વારા મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીની તરફેણમાં રજીસ્ટર્ડ રી–કન્વેયન્સ ઓફ મોર્ગેજ ડીડ અનું. નં.૨૬૬૫ તા.૧૬–૮–૨૦૧૭ ના રોજની ઝેરોક્ષ નકલ.

:૮: મે.નાયબ કલેકટરશ્રી, ભાવનગરના અપિલ નં.૬૩/૨૦૧૬–૧૭ ના તા.૯–૫–૨૦૧૭ ના રોજના હુકમની ઝેરોક્ષ નકલ.

:૯: સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ અને એડિશનલ મામલતદાર કચેરી, ભાવનગર–૨ તરફથી તેમના તા.૧૫–૬–૨૦૧૭ ના રોજના હુકમથી સદરહુ સીટી સર્વે નં.૧૬૭૨ થી ૧૬૮૩ ના એકત્રિકરણ સીટી સર્વે નં.૧૬૭૨ ક્ષેત્રફળ ૫૧૭૭.૮૭ ચો.મી. તથા સત્તા પ્રકાર "એ" કરતો હુકમની ઝેરોક્ષ નકલ.

:૧૦: મે.અરિહંત એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીની સદરહુ સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬ ક્ષેત્રફળ ૫૧૬૦.૩૨ ચો.મી. ની મિલકતના ધારાસર ભાગ સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/એ ક્ષેત્રફળ ૨૦૧૦.૫૬ ચો.મી., સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/બી ક્ષેત્રફળ ૧૫૭૨.૧૧ ચો.મી. તથા સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. એ રીતેનો નકશો ભાવનગર મહાનગરપાલિકા તરફથી તા.૧–૪–૨૦૧૭ ના રોજની પરવાનગી નં.૧ થી મંજુર કર્યા તે ભાગ પ્લાન તથા મંજુરીની નકલ.

:૧૧: મંજુર કરેલ બિલ્ડીંગ પ્લાન તથા રજાચિઠ્ઠી તા.૩૦–૬–૨૦૧૭ ની અસલ.

:૧૨: વકીલ શ્રી વિજયભાઈ કે. ચૌહાણ ધ્વારા આપવામા આવેલ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ તા.૩૧–૮–૨૦૧૭ ની નકલ.

:૧૩: અમો વેચનાર ભાગીદારી પેઢીના નામ જોગના રજિ. વેચાણ દસ્તાવેજ અનું. નં.૩૪૨૫ તા.૧૮–૧૦–૧૭ ની ઝેરોક્ષ નકલ.

:૧૪: અમો વેચનાર ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

(૮) સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી ની કુલ ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. જમીન ઉપર બંધાયેલ **આયુષ પ્લાઝા** ઈમારત સબંધી નીચે જણાવેલ જોગવાઈઓનું બિલ્ડીંગમાં મિલકત ધારણ કરનારાઓએ પાલન કરવાનું રહેશે.

: ૧ : ખરીદનારે વેચાણ રાખેલ મિલકતની જગ્યાની મર્યાદામાં જ ખરીદનારનો સ્વતંત્ર હકક રહેશે. ઈમારતના કોમર્શિયલ મિલકતના ધારકો તેમણે ખરીદ કરેલ મિલકતના આગળના ભાગમાં મુકવામાં આવેલ ખુલ્લી જગ્યાનો સ્વતંત્ર ઉપયોગ કરી શકશે.

: ૨ : **આયુષ પ્લાઝા** નામની ઈમારતના કલર, ડિઝાઈન, એલીવેશન કે બાંધકામમાં કોઈપણ જાતનો ફેરફાર કે નામમાં ફેરફાર કરવા મિલ્કત ધારકને હકક કે અધિકાર નથી.

: ૩ : પ્રથમપક્ષના ખરીદનારને સામુહિક રીતે અન્ય મિલકત ધારકો સાથે **આયુષ પ્લાઝા** નામની ઈમારતમાંહે પાર્કિંગ, પ્લોટનું કમ્પાઉન્ડ, નળ, ગટર, લીફટ, અગાસીમાં આવેલ પાણીની ઓવરહેડ ટાંકી, પાણીનો પમ્પ, અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી, દાદર, ચોકીદાર, કોમન પેસેજ, કોમન પેસેજની લાઈટ વગેરે કોમન સર્વિસીસ વાપરવા અધિકાર રહેશે તેમજ ભવિષ્યમાં અન્ય જે કાંઈ કોમન સુવિધાઓ ઉતારવામાં આવે તેના મેઈન્ટેનન્સ માટે પોતાના વરાડે આવતી રકમ આપવાની રહેશે, પરંતુ મિલ્કત ધારકોએ ટેરેસમાં કે ઈમારતમાં કોઈપણ જગ્યાએ કે પોતે ખરીદ કરેલ મિલ્કતમાં ધુમાડો–પ્રદુષણના નિકાલ માટે ચિમની વેચનાર ભાગીદારી પેઢીની લેખીત મંજુરી મેળવ્યા વીના મુશી શકશે નહી અને વેચનાર ભાગીદારી પેઢીને યોગ્ય જણાશે તોજ ચિમની મુકવા અંગેની મંજુરી આપવામાં આવશે.

: ૪ : ભવિષ્યમાં **આયુષ પ્લાઝા** નામની ઈમારતના મેઈન્ટેનન્સ માટે મિલ્કત ધારકો માટે જે કોઈ મંડળ, સોસાયટી કે અન્ય પ્રકારની એન્ટીટીની રચના કરવામાં આવે તેમાં જોડાવાનું તથા વખતોવખત તેના નિયમોનું પાલન કરવાનું અને વરાડે આવતી રકમ આપવાનું પ્રથમપક્ષના ખરીદનાર માટે ફર યાત રહેશે અને દરેક મિલ્કત ધારક તેના હિસ્સાની વરાડે આવતી રકમ ચુકવવામાં કસુર કરે તો વહિવટકર્તા તેવા મિલકત ધારકની કોમન ફેસીલીટીઝ બંધ કરવા હકકદાર રહેશે.

: ૫ : **આયુષ પ્લાઝા** નામની ઈમારતમાં મિલકત ધારકને તેનો ધંધાકીય હેતુ સિવાય અન્ય ઉપયોગ કરવા હકક રહેશે નહિં અને કોમર્શિયલ મિલકત ધારક કાયદેસરનો કોઈપણ પ્રકારનો ધંધો કરી શકશે તેમજ દરેક મિલકત ધારક તેમણે ખરીદ કરેલ મિલકતમાં કાયદેસરનો ધંધો–વ્યવસાય કરી શકશે તેમજ દરેક મિલકત ધારકે તેની આજુબાજુના મિલકત ધારકોને ન્યુસન્સ થાય કે એનોયન્સ થાય તે રીતે મિલકતનો ઉપયોગ કરવાનો નથી તેમજ કાયદાથી પ્રતિબંધિત કોઈ પ્રવ તિઓ કરવાની નથી.

: ૬ : **આયુષ પ્લાઝા** નામની ઈમારત બીમ કોલમ ઉપર ચણાવવામાં આવેલ છે તેથી જે તે મિલકત ધારક તેની મિલકતના કોઈપણ પ્રકારના સ્ટ્રકચરલ ફેરફાર કે દિવાલોમાં ફેરફાર કરવા હકકદાર થશે નહિં અને દરેક મિલકત ધારકે ભાવનગર મહાનગરપાલિકાના નિયમો પાળવાના રહેશે અને તેનો ભંગ કરવાનો નથી. દરેક દુકાનો અને ઓફીસોની છત તથા બીમ કોલમ મજમુ ગણાશે અને દરેક મિલકત ધારકે તેણે ખરીદ કરેલ મિલકતનું બાંધકામ જોઈ તપાસી મિલકતનો કબજો સંભાળેલ હોય

ભવિષ્યમાં બાંધકામ સબંધી કોઈ વાંધો–તકરાર કે વિવાદ ઉભો કરવાનો નથી તેમજ કોઈપણ મિલકત ધારક બિલ્ડીંગમાં ઉપરના ભાગે આવેલ અગાસીમાં સ્વતંત્ર કોઈ હકક કે અધિકાર ધરાવી શકશે નહિં.

:૭: **આયુષ પ્લાઝા** નામની ઈમારત માટે ચોકીદાર તથા દરેક કોમન સુવિધાઓની દેખભાળ અને જાળવણી માટે માણસ રાખવામાં આવે તેના પગાર, મહેનતાણા વગેરે કોમન મેઈન્ટેનન્સ વગેરે સુવિધાઓ અંગે જરૂરી ભંડોળ દરેક મિલકત ધારકે તેના હિસ્સે–વરાડે આવતી રકમ કાઢી તેમાંથી નિભાવ કરવાનો રહેશે તેમજ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનમાં દર્શાવેલ મેઈન્ટેનન્સની જોગવાઈઓનો તમામ વખતો વખતના સહ માલિકોએ સાથે મળી અમલ કરવાનો રહેશે.

:૮: **આયુષ પ્લાઝા** નામની ઈમારતમાંહે આવેલ લીફટ તથા તેના મેઈન્ટેનન્સ અંગે દરેક મિલકત ધારક તરફથી અલગથી ડેવલપરને જરૂરી રકમ આપવામાં આવેલ છે જેનો સમાવેશ વેચાણ કિંમતમાં થતો નથી અને સદરહુ મેઈન્ટેનન્સ ભંડોળની રકમનો ઉપયોગ બિલ્ડીંગના જનરલ મેઈન્ટેનન્સ માટે કરવાનો રહેશે.

:૯: **આયુષ પ્લાઝા** નામની ઈમારતમાંહેના મિલકત ધારકે પોતાની મિલકત પુરતી ભારત સરકારશ્રીના નિયમો અનુસાર કે રાજય સરકારશ્રીના નિયમો અનુસાર ભરવાની થતી તમામ પ્રકારના વેરાની રકમ વેચાણ કિંમત ઉપરાંત અલગથી આપવા જવાબદારી સ્વીકારેલ છે.

:૧૦: **આયુષ પ્લાઝા** નામની ઈમારતમાંહેના મિલકત ધારક પોતાની મિલકત વેચાણથી તબદિલ કરવા માંગે તો પ્રથમ **આયુષ પ્લાઝા** નામની ઈમારતના સંચાલક પાસે તેવી મિલ્કતની મેઈન્ટેનન્સ કે કોઈ રકમ બાકી હોય તો તુરંતજ જમા કરાવી દેવાની રહેશે અને ત્યારબાદ નો–ડયુ કમ નો–ઓબ્જેકશન સર્ટિફીકેટ મેળવ્યા બાદ વેચાણ કરી શકાશે.

:૧૧: **આયુષ પ્લાઝા** નામની ઈમારતની જે મિલ્કતમાં નળ, ગટર, લાઈટ ફીટીંગ, ટી.વી.કનેકશન પોઈન્ટ વગેરેની લાઈનો આવેલ છે અને દરેક મિલ્કત ધારકોની મિલ્કત સુધી તેનું વાયરીંગ કરવામાં આવેલ છે તે સિવાય વધારાની કોઈ લાઈનો કોઈ મિલ્કત ધારક કરાવી શકશે નહિં તેમજ દરેક ભાગમાં એરકંડીશનર માટે જગ્યા આપવામા આવેલ છે તેજ જગ્યામાં દરેક મિલકત ધારકે એરકંડીશનર રાખવાનું રહેશે તેમજ ટી.વી. પોઈન્ટ અને ડીસ ટી.વી. એન્ટેના માટેની જગ્યામાં જ કનેકશન જોડવાનું રહેશે.

:૧૨: **આયુષ પ્લાઝા** નામની ઈમારતના દરેક મિલકત ધારક તેમાં મિલકત ધરાવનાર પ્રત્યે પ્રેમભાવ, સ્નેહ અને ભાઈચારાની ભાવના ધરાવશે.

:૧૩: **આયુષ પ્લાઝા** નામની ઈમારતમાં ગ્રાઉન્ડ લેવલના સાઈડ માર્જિનના પેસેજ તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનમાં દર્શાવવામાં આવેલ પાર્કિંગવાળી જગ્યાનો ઉપયોગ મિલકતના ધારકે તથા તેના ગ્રાહકો વાહનો પાર્ક કરવા મજમુ રીતે કરવા હકકદાર રહેશે અને તેમાં કોઈપણ પ્રકારે અડચણ, અટકાયત કે અંતરાય થાય તે રીતે વાહનો રાખવાના નથી તેમજ નોન યુઝ વાહનો કે સામાન પાર્કિંગમાં રાખવાના નથી. આગળના ભાગે આવેલ ફ્રન્ટ માર્જિનની જગ્યામાં કોમર્શિયલ ધારકોને તેના અગર તો તેના માણસો, ગ્રાહકોને પાર્કિંગ તરીકે હકક રહેશે.

:૧૪: **આયુષ પ્લાઝા** નામની કોમર્શિયલ ઈમારતના મિલ્કત ધારકોની વચ્ચે કોઈ બાબતે મતભેદ થાય તો તેનો નીકાલ લવાદ મારફત કરવાનો રહેશે.

:૧૫: **આયુષ પ્લાઝા** નામની કોમર્શિયલ ઈમારતના ઉપરના ભાગે આવેલ ખુલ્લી ટેરેસનો સ્વતંત્ર હકક કોઈપણ મિલકત ધારકને સ્વતંત્ર રીતે આપવામાં આવેલ નથી. ટેરેસ, લીફટ, લીફટ કેબીન, દાદર, દાદર કેબીન તથા કોમન પેસેજના ઉપયોગના હકકો મિલ્કત ધારકોના સંયુકત રહેશે અને ιкуι ના નિયમોને આધીન વધારાની ιкуι ના બાંધકામના હકકો પ્રાપ્ત થાય તો ખુલ્લી ટેરેસ ઉપરના બાંધકામનો હકક વેચનાર ભાગીદારી પેઢીનો રહેશે તેમજ ઉપરના ભાગે આવેલ ટેરેસમાં ટેરેસ હોર્ડિંગ્સ, મોબાઈલ ટાવર, ગાર્ડન રેસ્ટોરન્ટ કે કોઈપણ પ્રકારનો કોમર્શિયલ ઉપયોગ કરવાનો હકક અને અધિકાર બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીનો રહેશે.

(૮) વેચાણવાળી મિલકતના માર્ચ–૨૦૧૮ સુધીના ભાવનગર મહાનગરપાલિકાના આવતા વેરાઓ તથા આજદિન સુધીની વીજ વપરાશની રકમ અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢી તરફથી ભરપાઈ કરી આપવાની રહેશે અને આ વેચાણ દસ્તાવેજ બાદથી જે કાંઈપણ વેરાઓ આવે તે તમામ ભરવાની જવાબદારી તમો પ્રથમપક્ષના ખરીદનારની રહેશે.

(૯) આ વેચાણ દસ્તાવેજ અંગેનો સ્ટેમ્પ ડયુટી, રજિસ્ટ્રેશન ફી, ટાઈપ ખર્ચ, વગેરે તમામ તમો પ્રથમપક્ષના ખરીદનારે સુવાંગ ભોગવેલ છે અને આ વેચાણ દસ્તાવેજ રૂા..............–૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર કરી સ્ટેમ્પ ડયુટી પુર્ણ કરેલ છે.

–:: પ રિ શિ ષ્ટ ::–

–:: વેચાણવાળી મિલ્કતનું વર્ણન ::–

જત શહેર ભાવનગરમાં સર તખ્તસિંહ હોસ્પિટલ સામે, જેઈલ રોડ ઉપર આવેલ અને સીટી સર્વે વોર્ડ નં.૭, શીટ નં.૧૮૭, એકત્રિત સર્વે નં.૧૬૭૨ થી નોંધાયેલ અઘાટ જમીનના ભાવનગર મહાનગરપાલિકા તરફથી મંજુર કરી આપવામાં આવેલ ભાગ પ્લાન મુજબની **સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી** ની કુલ ક્ષેત્રફળ ૧૫૭૭.૬૫ ચો.મી. જમીન ઉપર બંધાયેલ **આયુષ પ્લાઝા** નામની ઈમારતના .... માળે આવેલ ઓફીસ / દુકાન નં......... ક્ષેત્રફળ .... ચો.મી. કારપેટ એરીયાના કોમર્શીયલ બાંધકામની મિલ્કત જેની :

પુર્વ તરફ :
પશ્ચિમ તરફ :
ઉતર તરફ :
દક્ષિણ :

–:: વેચાણ અવેજ મળ્યા બદલની પહોંચ ::–

વેચાણવાળી મિલકતની વેચાણ કિંમત રૂા................–૦૦ અંકે રૂપિયા .... પુરા તમો પ્રથમપક્ષના ખરીદનાર તરફથી અમો બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીને નીચેની વિગતે ચુકતે વસુલ આપવામાં આવેલ છે ::

રૂા.................–૦૦ અંકે રૂપિયા .... પુરા .... બેંક, ... શાખા, ભાવનગરના બીજાપક્ષના વેચનાર ભાગીદારી પેઢીના નામના તા......–.......–૨૦૧૭ ના રોજના ચેક નં...................... થી

————————————

રૂા................–૦૦અંકે રૂપિયા .... પુરા.

ઉપર મુજબનો વેચાણ દસ્તાવેજ આપણે પક્ષકારોએ સ્વેચ્છાએ, વાંચી, સમ , ચિત તબિયત ઠેકાણે રાખી, બીનકેફે, સાવધ અવસ્થામાં, ત્રાહેતો રૂબરૂ કરેલ છે જે આપણે પક્ષકારોને તથા આપણા વંશ, વાલી, વારસોને કબુલ મંજુર સહી અને બંધનકર્તા રહેશે.
આજરોજ તારીખ માહે સને ૨૦૧૭ ના દિને શહેર ભાવનગર મધ્યે

ખરીદનારની સહી ::

——————————————————

સાક્ષીઓની સહીઓ ::

૧——————————————————

૨——————————————————

વેચનારની સહી ::

મેસર્સ આયુષ ઈન્ફ્રાકોન નામની નોંધાયેલ ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદારો

(૧) ગૌરવ અશોકભાઈ શેઠ

(૨) પદમશીભાઈ દેવજીભાઈ વિઠૃાણી

૧——————————————————

૨——————————————————

–:: **<u>નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ ૨૧ અન્વયે પરિશિષ્ટ</u>** ::–
–:: **<u>વેચાણવાળી મિલકતનો ફોટોગ્રાફ</u>** ::–

<u>મિલકતનું પોસ્ટલ સરનામું :–</u> શહેર ભાવનગરના સીટી સર્વે વોર્ડ નં.૭, શીટ નં.૧૮૭, એકત્રિત સર્વે નં.૧૬૭૨ થી નોંધાયેલ અઘાટ જમીનના ભાવનગર મહાનગરપાલિકા તરફથી મંજુર કરી આપવામાં આવેલ ભાગ પ્લાન મુજબની **સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી** ની જમીન ઉપર બંધાયેલ **આયુષ પ્લાઝા** નામની ઈમારતના .... માળે આવેલ **ઓફીસ / દુકાન નં.........,** સર તખ્તસિંહ હોસ્પિટલ સામે, જેઈલ રોડ, ભાવનગર.

<u>ખરીદનારની સહી</u> **<u>વેચનારની સહીઓ</u>**

–:: <u>નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ ૨૧ અન્વયે પરિશિષ્ટ</u> ::–
–:: <u>વેચાણવાળી મિલકતનો ફોટોગ્રાફ</u> ::–

<u>મિલકતનું પોસ્ટલ સરનામું :–</u> શહેર ભાવનગરના સીટી સર્વે વોર્ડ નં.૭, શીટ નં.૧૮૭, એકત્રિત સર્વે નં.૧૬૭૨ થી નોંધાયેલ અઘાટ જમીનના ભાવનગર મહાનગરપાલિકા તરફથી મંજુર કરી આપવામાં આવેલ ભાગ પ્લાન મુજબની **સીટી સર્વે નં.૧૬૭૨–૧૬૭૪–૧૬૭૫–૧૬૭૬/સી** ની જમીન ઉપર બંધાયેલ **આયુષ પ્લાઝા** નામની ઈમારતના .... માળે આવેલ **ઓફીસ / દુકાન નં.........,** સર તખ્તસિંહ હોસ્પિટલ સામે, જેઈલ રોડ, ભાવનગર.

<u>ખરીદનારની સહી</u> **<u>વેચનારની સહીઓ</u>**

–:: <u>નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ ૩૨–એ અન્વયે પરિશિષ્ટ</u> ::–

ખરીદનારની સહી ::	**ફોટોગ્રાફ**	**અંગુઠાની છાપ**

––––––––––––––––––––––

<u>વેચનારની સહી ::</u>
મેસર્સ આયુષ ઈન્ફ્રાકોન નામની નોંધાયેલ ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદારો
(૧) ગૌરવ અશોકભાઈ શેઠ
(૨) પદમશીભાઈ દેવજીભાઈ વિઠ્ઠાણી

૧––––––––––––––––––––––

૨––––––––––––––––––––––